# મનપાના ડ્રાફ્ટ બજેટમાં રૂ. ૬ કરોડના સુધારા સાથે કદ ૯૫૦ કરોડ કરાયુ

## વિઝન-મિશન અને ગોલ્સ એમ થ્રી પિલર પર સ્થાયી સમિતિએ વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રને આખરી ઓપ આપ્યો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિએ આજે કમિશનરશ્રી દ્વારા રજુ થયેલા વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં રૂ. ૬ કરોડના સુધારા પછી પણ મનપાની પુરાંતમાં માત્ર રૂ. ૧ કરોડ જેટલો જ ઘટાડો થઈ રહ્યો હોવાનું સ્થાયી સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલે પત્રકારો સાથેની વાતચીતમાં આવ્યુ છે. આલ્ફાલ્ટ રોડ માટે રૂ. ૫૦ કરોડથી વધુના કામોનું આયોજન પણ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં સૂચવવામાં આવ્યા છે. શિશુ વાટિકા શરૂ કરવાનું પણ આયોજન આજની બેઠકમાં વિચારણામાં લેવામાં આવ્યુ છે.

શહેરમાં ભળેલા ગ્રામ્યવિસ્તારની ગ્રામ પંચાયત કચેરીઓમાં ઈન્ફર્મેશન કિયોસ્ક મુકવા ઉપરાંત વધારાના રૂમો

● અનુસંધાન પાન-૭ પર



સુચવી અને બજેટનું કદ રૂ. ૯૫૦ કરોડ પર પહોંચાડ્યુ છે. વિઝન-મિશન અને ગોલ્સ નિયત કરી આ સર્વગ્રાહી બજેટ તૈયાર કરવામાં આવ્યું હોવાનું સ્થાયી સમિતિના ચેરમેને જણાવ્યુ હતુ.

સ્થાયી સમિતિએ સુધારા સ્વીકાર્યુ છે.

સ્થાયી સમિતિની બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં ચેરમેન જસવંતભાઈ પટેલે જણાવ્યુ હતુ કે ઓક્સિજન પાર્ક ઉપરાંત એક સાયન્સ પાર્ક બનાવવાનું આયોજન સૂચવવામાં

તેમણે કહ્યુ હતુ કે શહેરના નાગરિકોના જીવનની તંદુરસ્તી માટે ૨૪ અર્બન હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો કાર્યરત કરવામાં આવશે.

તેમણે કહ્યુ હતુ કે નવી શિક્ષણનીતિ અંતર્ગત ચિલ્ડ્રન યુનિ. સાથે મળી પ્રાથમિક શાળાઓમાં

## મનપા દ્વારા ફરતી આંગણવાડી બનાવવામાં આવશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મનપા દ્વારા શિક્ષણની અભિરૂચિ બાળકમાં નાનપણથી જ ઉભી થાય તેમજ શાળાઓમાં નામાંકન પણ સ્થિર બને તે માટે ફરતી આંગણવાડી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આજે મનપાની સ્થાયી સમિતિએ આ મોબાઈલ આંગણવાડી માટે રૂ. ૧.૨૫ કરોડની વિશેષ જોગવાઈ કરી છે તેમ સ્થાયી સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલે જણાવ્યુ છે.

તેમણે કહ્યુ કે ચિલ્ડ્રન યુનિ.ના માર્ગદર્શન હેઠળ નવા આંગણવાડી કેન્દ્રોના નિર્માણની કામગીરી હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત શહેરમાં હાલ ૬ સ્માર્ટ સ્કૂલ બનાવવાની કામગીરી પણ આગળ ધપી રહી છે.

ચિલ્ડ્રન યુનિ.ના માર્ગદર્શન નીચે પ્રા. શાળાઓમાં શિશુ વાટિકાઓ શરૂ કરવામાં આવશે જેથી બાળકના મનમાં શાળા વિશેની ખોટી ભ્રમણાઓ દૂર થશે.



હોળી-ધૂળેટી એટલે રંગોનો તહેવાર... ચારે તરફ રંગોની છોળો ઉડે... આજકાલ જાણે કુદરત પણ હોળીના મૂડમાં આવી ગઈ હોય એમ કુદરતે ચારેબાજુ અવનવા રંગો વિખેરવાનુ શરૂ કરી દીધુ છે. ઉનાળો શરૂ થતાં જ શહેરભરમાં ખીલી ઉઠેલા અવનવા ફૂલો ખૂબ નયનરમ્ય લાગી રહ્યા છે. હરિયાળા વૃક્ષો પર ખીલી ઉઠેલા લાલ, પીળાં, ગુલાબી, જાંબલી જેવા રંગોના આકર્ષક ફૂલોથી સમગ્ર પ્રકૃતિનુ રૂપ ખીલી ઉઠ્યુ છે. પ્રકૃતિ પણ જાણે હોળી રમવા તૈયાર થઈ ગઈ હોય તેવુ લાગી રહ્યુ છે. શહેરમાં ઠેર ઠેર ખીલી ઉઠેલા ફૂલોથી એક અનોખી આભા ઉભી થઈ છે. કુદરતી રંગોનું અદ્‌ભૂત મેઘધનુષ્ય ઉનાળાની ગરમીમાં આંખોને ટાઢક આપી રહ્યુ છે.

# શહેરમાં પાણી-ગટર વેરાની વસુલાત માટે ચાર કેન્દ્રો કાર્યરત

## પાટનગર યોજના ભવનની કચેરી સહીત સે- ૩ અને સે-૨૪ ડ્રેનેજ ઇન્કવાયરી ખાતે પણ સવારે ૯ થી ૧૨ દરમિયાન વેરો સ્વીકારવામાં આવશે

ગાંધીનગર તા ૩

ગાંધીનગરમાં પાણી ગટર વેરાની વસુલાતની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જયારે સેકટરોમાં બીલ વિતરણની કામગીરી પણ ચાલી રહી છે. જો કે બીલ ન મળ્યા હોય તેવા કિસ્સામાં પાટનગર યોજના વિભાગની કચેરીએથી પણ વિગતો મેળવી વેરો ચુકવી દેવા માટે તંત્રએ જણાંવ્યુ છે. વેરા વસુલાત ઝુંબેશ અન્વયે પાટનગર યોજના ભવનની કચેરી તેમજ સે- ૨૪ અને સે- ૩ ની ડ્રેનેજ ઈન્કવાયરી સહીત ચાર કેન્દ્રો પર વેરો સ્વીકારવામાં આવશે તેમ પણ તંત્રએ જણાંવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં હાલ પાણી ગટર વેરાની વસુલાત માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ગત મહીના દરમિયાન શહેરના સેકટરોમાં બિલ વિતરણની કામગીરી હાથ ધરવામાં આવી હતી શહેરના સે- ૧ થી ૩૦ તેમજ શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામો પાલજ ધોળાકુવા, ગોકુલપુરા, બાસણ ઈન્દ્રોડા બોરીજ ફતેપુરા, આદીવાડા ઉપરાંત જી આઈ ડી સી માં પાણી ગટરનો વપરાશ કર્તા જોડાણકર્તાઓને વર્ષ ૨૦૨૩-૨૪ ના એડવાન્સ વેરા વસુલાત અન્વયે બિલ વિતરણ કરવામાં આવી રહ્યુ છે. અલબત્ત બિલ વિતરણની મોટાભાગની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે બીલ ન મળ્યુ હોય તો પાટનગર યોજના વિભાગની કચેરીએથી બીલ તેમજ વેરાની સઘળી વિગત પણ મેળવી લેવા જણાંવાયુ છે. સે- ૧ થી ૧૩ તેમજ ઈન્દ્રોડા , ધોળાકુવા ગોકુળપુરાના પાણી ગટરના જોડાણકર્તાઓને તેમના વેરાની રકમ નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરી પેટાવિભાગ નં - ૯ પાટનગર યોજના ભવન ચુકવી દેવા જણાંવાયુ છે. જયારે સે- ૧૪ થી ૩૦ તેમજ પાલજ, બાસણ બોરીજ ફતેપુરા , આદીવાડા અને જી આઈ ડી સી વિસ્તાર માટે જોડાણકર્તાઓએ સે- ૧૬ સ્થિત યોજના ભવનના પ્રથમ માળે સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન ડિવીઝન -૧૦ ખાતે સંપર્ક કરી વેરો ભરી દેવા માટે પણ જણાંવાયુ છે. આ ઉપરાંત સે- ૩ ઉપરાંત સે- ૨૪ ડ્રેનેજ ઈન્કવાયરી ખાતે પણ વેરો સ્વીકારવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

### ગાંધીનગર શહેરી વિસ્તારમાં ૧૯ સેવાસેતુ કાર્યક્રમ દરમિયાન

## ૫૬ યોજનાઓનો લાભ ૨૩૦૪૫ નાગરીકોને ઘર આંગણે મળ્યો

ગાંધીનગર જિલ્લામાં સરકારી યોજનાઓનો લાભ તેમજ આધારકાર્ડ, રાશન કાર્ડ, હેલ્થ કાર્ડ વગેરે દસ્તાવેજો સામાન્ય નાગરિકને સરળતાથી ઘર આંગણે મળી રહે તે માટેનો કાર્યક્રમ એટલે 'સેવાસેતુ' જેમાં સરકાર નાગરિકોને તેમના ઘર આંગણે કે તેમના વિસ્તારમાં જઈ યોજનાકીય લાભ અને અન્ય સેવાઓ ઉપલબ્ધ કરાવે છે.

૧૫મી વિધાનસભાના બીજા સત્રમાં ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલેના ગાંધીનગર જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ હેઠળ શહેરી વિસ્તારમાં થયેલા કાર્યક્રમો તથા સેવાસેતુ દ્વારા અપાતી સેવાઓની માહિતી અને શહેરી વિસ્તારમાંથી મળેલ અરજીઓ અંગે લેખિતમાં પ્રશ્ન રજૂ કરાયેલ. જેનો મંત્રીશ્રી દ્વારા લેખિતમાં પ્રત્યુત્તર પાઠવવામાં આવ્યો હતો. તદ્‌અનુસાર ગત વર્ષ ૨૦૨૨ ની સ્થિતિએ ગાંધીનગર શહેરી વિસ્તારમાં ૧૯ સેવાસેતુ કાર્યક્રમ યોજાયા છે. જેમાં કુલ ૫૬ યોજનાઓને આવરી લેવામાં આવી હતી આ કાર્યક્રમ દરમિયાન ગાંધીનગર શહેરી વિસ્તાર થકી કુલ ૨૩૦૪૫ અરજીઓ મળી હતી. અને તે તમામનો સ્થળ પર નિકાલ કરવામાં આવ્યો હોવાનું મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

# જિલ્લાકક્ષાએથી ગ્રામ પંચાયતોના દફતર ચકાસણી સરપ્રાઈઝ રીતે કરાઈ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં જિલ્લા પંચાયતકક્ષાએ દફતર ચકાસણીનો સરપ્રાઈઝ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીની સીધી સૂચના અંતર્ગત આજે ત્રણ-ત્રણ સિનીયર કર્મચારીઓની ટીમો બનાવી પાંચ ગામોમાં દફતર ચકાસણીની કામગીરી હાથ ધરાઈ હતી. આખો દિવસ આ દફતર ચકાસણીની કામગીરી કરાઈ હતી.

મળતી વિગતો પ્રમાણે આજે ખાત્રજ, નાસ્મેદ, ઉનાલી, વજાપુરા અને વેડા ખાતે જિલ્લા વિકાસ અધિકારીશ્રીની આ ટીમો પહોંચી હતી અને સાંજે તે પરત ફરી હતી.

દફતર ચકાસણી દરમ્યાન મળી આવેલ ક્ષતિઓ સહિતનો વિગતવાર અહેવાલ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને આ ટીમો દ્વારા એકાદ દિવસમાં આપી દેવામાં આવશે. આ પછી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાકક્ષાએથી પ્રથમ જ વાર સરપ્રાઈઝ દફતર ચકાસણીના આદેશો અને અમલવારી કરવામાં આવતાં તંત્રમાં સન્નાટો પ્રસરી જવા પામ્યો છે. જિલ્લામાં તલાટીઓની ગેરહાજરી તેમજ અન્ય ફરિયાદોનું પ્રમાણ વધતાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી હવે આ મુદ્દે પણ આક્રમક વલણ અખત્યાર કરવાના મૂડમાં છે. આગામી દિવસોમાં શિક્ષાત્મક કાર્યવાહીના પગલાંઓ લેવામાં આવશે તેવા સંકેત મળી રહ્યા છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ સરપ્રાઈઝ દફતર ચકાસણીની કામગીરી આગામી દિવસોમાં પણ યથાવત રાખવામાં આવશે.

ટીમોની રચના અને ટીમના સભ્યોની પસંદગી અંગે તેમજ ક્યાં જવાનુ છે તે બધી જ બાબતો ગોપનીય રખાઈ હતી. આજે સવારે જ ટીમ મેમ્બરોને બોલાવી આ કામગીરીમાં જવા માટે જણાવવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે.

# બોર્ડની પરીક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓ માટે હેલ્પલાઈન તેમજ કન્ટ્રોલ રૂમ કાર્યરત

## પરીક્ષા સમિતિની બેઠકમાં શિક્ષણમંત્રીએ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી પરીક્ષા પ્રક્રીયાની સમીક્ષા કરી : વિદ્યાર્થીઓને તણાંવમુકત રહી પરીક્ષા આપવા શુભેચ્છા પાઠવી

ગાંધીનગર તા ૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા ૧૪ માર્ચથી ધો - ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાશે બોર્ડ પરીક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓ હાલ આખરી તબક્કાની તૈયારીમાં વ્યસ્ત છે જયારે શિક્ષણ તંત્ર દ્વારા પણ પરીક્ષાને અનુલક્ષી માસ્ટર પ્લાન તૈયાર કરી દેવાયો છે. આજે જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં પરીક્ષા સમિતિની બેઠક યોજવામાં આવી હતી. આ દરમિયાન શિક્ષણમંત્રીએ પણ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી પરીક્ષા પ્રક્રીયાની સમીક્ષા કરી હતી. વિદ્યાર્થીઓને તણાંવમુકત કરી પરીક્ષાને ઉત્સવ તરીકે અપનાવવા અનુરોધ કર્યો હતો. બોર્ડ પરીક્ષાને અનુલક્ષીને વિદ્યાર્થીઓની મુંઝવણ દુર કરવા માટે હેલ્પલાઈન તેમજ કન્ટ્રોલ રૂમ શરૂ કરી દેવાયો છે.

આગામી તા ૧૪ માર્ચ થી ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થશે બોર્ડ પરીક્ષાના



આડે હવે માંડ ગણતરીના દિવસો જ આડા રહ્યા હોવાથી વિદ્યાર્થીઓ આખરી તૈયારીમાં ગળાડુબ બન્યા છે. બીજીતરફ વહીવટીતંત્રએ પણ પરીક્ષાલક્ષી તૈયારીઓનુ આયોજન આખરી કર્યુ છે. આજે જિલ્લા પરીક્ષા સમિતિની બેઠક યોજવામાં આવી હતી જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને યોજાયેલી પરીક્ષા સમિતિની બેઠક દરમિયાન પરીક્ષાર્થીઓ તણાવમુકત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે તા ૧ થી ૨૯ માર્ચ સુધી રાજય કક્ષાએ હેલ્પલાઈન પણ કાર્યરત કરી દેવામાં આવી છે. જેમાં ટોલ ફ્રી નં - ૧૮૦૦૨૩૩૫૫૦૦ પર વિદ્યાર્થીઓ સવારે ૧૦ થી સાંજે ૬ : ૩૦ સુધી જરૂરી માર્ગદર્શન મેળવી શકે તેવી પણ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આગામી તા ૧૩ માર્ચથી વિદ્યાર્થીઓની મુંઝવણ દુર કરવા માટે જિલ્લા કક્ષાનો કંટ્રોલ રૂમ પણ શરૂ કરાશે. ગાંધીનગરમાં આજે મળેલી જિલ્લા પરીક્ષા સમિતિની બેઠકમાં સમિતિના અધ્યક્ષ પ્રવિણા ડી કે એ જણાંવ્યુ હતુ કે આગામી તા ૧૪ માર્ચથી શરૂ થતી ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા અન્વયે ગાંધીનગર જિલ્લાના પુર્વ અને પશ્ચિમ ઝોનમાં ૩૩ પરીક્ષા મથકો પરથી ૨૭૦૭૮ વિદ્યાર્થીઓ ધો - ૧૦ ની પરીક્ષામાં હાજરી આપશે જયારે ધો -૧૨ માટે ગાંધીનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારના ૨૧ સેન્ટરો પરથી ૨૨૧૨૧ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે જેમાં ૫૨૮૪ વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપશે.

પરીક્ષાના સફળ સંચાલન માટે પરીક્ષાના એકશન પ્લાનનો યોગ્ય અમલ પરીક્ષા કેન્દ્રો અને ઝોનલ કચેરી ખાતે કાયદો અને વ્યવસ્થા જાળવવા પરીક્ષા સ્થળ પર સો ટકા સી સી કેમેરા અને સઘન ચેકીંગની વ્યવસ્થા , સંવેદનશીલ કેન્દ્રોને અનુલક્ષી વિશેષ તકેદારીના પગલા તેમજ વિદ્યાર્થીઓ માટે જિલ્લા કક્ષાએ કાઉન્સીંગ શરૂ કરવા સહીતના મુદ્દે પરીક્ષા સમિતિની બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# નવા ગાંધીનગરમાં ડોર-ટુ-ડોર કલેક્શન વ્યવસ્થા ખોરવાઈ

## રહીશોના ઘર આંગણે જ ઉકરડા : કુડાસણ, સરગાસણ સહીતના વિસ્તારમાં કચરો ઉપાડવાની કામગીરીમાં ઠાગાઠૈયા : કચરાપેટીના સ્થાને ઉકરડા : સોસાયટીના રહીશોમાં પણ આક્રોશ

ગાંધીનગર તા ૩

ગાંધીનગરમાં ઘરે ઘરેથી કચરો એકત્રિત કરવાની કામગીરીના લીધે સેકટરોમાં ગંદકી ફેલાવાની સમસ્યાને પ્રમાણમાં ડામી શકાઈ છે. જયારે ઘણીવાર આ વ્યવસ્થા ખોરવાઈ જતા કચરો કયાં ઠાલવવો તેનો પ્રશ્ન રહીશો માટે જટીલ બને છે. નવા ગાંધીનગરની સોસાયટીઓમાં પણ કચરો ઉપાડવાની કામગીરી કેટલાક દિવસોથી બંધ છે. અલબત્ત સોસાયટીમાં કચરાપેટીઓમાંથી કચરો ખાલી થતો નથી જેના લીધે રહીશોના ઘર આંગણે જ ઉકરડો અસ્તિત્વમાં આવ્યો હોવાના દ્રશ્યો સર્જાયા છે. ગંદકી વધતા સ્થાનિકોમાં પણ આક્રોશ પ્રબળ બન્યો છે. સોસાયટીના રહીશોએ ત્વરિત અસરથી કચરો એકત્રિત કરવા માટેની વ્યવસ્થા ગોઠવાય તેવી પ્રબળ માંગ પણ કરી છે.

નવા ગાંધીનગરમાં છેલ્લા કેટલાક સમયથી કચરો એકત્રિત કરવાની વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. શહેરના સેકટરોની જેમ કોર્પોરેશન વિસ્તારમાં સમાવિષ્ટ નવા ગાંધીનગરની સોસાયટીઓમાંથી પણ તંત્ર દ્વારા કચરો એકત્રિત કરવામાં આવે છે. કચરો ઉપાડવાની આ કામગીરીના લીધે સ્થાનિકો પણ એક જગ્યાએ કચરાપેટીમાં જ કચરો ઠાલવતા ગંદકીની સમસ્યા પણ નિવારી શકાઈ છે. જો કે છેલ્લા કેટલાક સમયથી નવા ગાંધીનગરના વિસ્તારમાં સ્થિત વિવિધ સોસાયટીઓમાં કચરો યથાવત રહેતા ગંદકીની સમસ્યા જટીલ બનતી જાય છે. ગાંધીનગર શહેરમાં પણ કચરો એકત્રિત કરવાની કામગીરી ચાલી રહી છે. કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ સેકટરોમાં ઘરે ઘરેથી કચરો એકત્રિત કરવા માટે ડસ્ટબીનનુ પણ અગાઉ વિતરણ કરવામાં આવ્યુ હતુ જેમાં સુકો અને ભીનો કચરો જુદા જુદા એકત્રિત કરવા માટે પણ તંત્ર કક્ષાએથી વસાહતીઓને સુચવવામાં આવ્યુ છે. જયારે સવારે સેકટરોમાં ફરતા કન્ટેઈનર ઘરે ઘરેથી કચરો એકત્રિત કરી લેતા રહીશોને જાહેર સ્થળો પર કચરાનો ઢગ કરવાની ફરજ પડતી નથી. જયારે આ વ્યવસ્થાના લીધે સેકટરોમાં પણ ગંદકીની સમસ્યા પ્રમાણમાં નિવારી શકાઈ છે. જો કે હજુ શેરી સફાઈ તેમજ નગરના માર્ગો આસપાસ તેમજ શોપિંગ વિસ્તાર નજીક પણ ગંદકીનો પ્રશ્ન જટીલ હોવાનુ પણ ધ્યાને આવે છે. બીજીતરફ નવા ગાંધીનગરનો મોટાભાગનો વિસ્તાર હવે કોર્પોરેશનમાં ભેળવી દેવાયો છે. જયારે આ વિસ્તારમાં સ્થિત સોસાયટીના રહીશો પણ કચરો કચરાપેટીમાં

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં ગરમીનો પારો ૩૮ ડિગ્રીએ નગરજનો મોસમી બિમારીથી પ્રભાવિત

## છેલ્લા પાંચ દિવસમાં ઠંડી ગરમીના પારાની ૪ ડીગ્રી ચઢઉતર : માર્ચ મહીનામાં વાતાવરણ પલ્ટાની અસર વચ્ચે પણ ગરમીનુ જોર વધશે

ગાંધીનગર તા ૩

ગાંધીનગરમાં ગરમીનો મિજાજ ધીમે ધીમે ઉગ્ર બની રહ્યો છે. છેલ્લા પાંચ દિવસમાં મહત્તમ તાપમાન ૪ ડીગ્રી ઉંચકાયુ છે. જયારે ઠંડીનો પારો પણ ૪ ડીગ્રી ઉંચકાતા શહેરીજનો હવે દિવસ દરમિયાન ઉનાળાની આકરી ગરમી અનુભવી રહ્યા છે. ગઈકાલની સાપેક્ષમાં પણ આજે ગરમીના પ્રમાણમાં આંશિક વધારો થયો હતો. મહત્તમ તાપમાન ૩૮ ડીગ્રી પહોંચી ગયુ હતુ. હવામાન તજ્ઞોના મતે માર્ચ મહીના દરમિયાન સતત વાતાવરણ પલ્ટાની અસર જોવા મળશે જયારે વાદળિયા વાતાવરણની સાથે માર્ચ માં જ ગરમીનો પારો ૪૦ ડીગ્રીને પાર થઈ જશે. હાલ ઉનાળાની ગરમીની અસર વચ્ચે નગરજનો મોસમી બિમારીથી પ્રભાવિત છે. બદલાતા ઋતુચક્ર વચ્ચે શહેરીજનો શરદી, ખાંસીની તકલીફથી પરેશાન છે.

ગાંધીનગરમાં આ વર્ષે શિયાળાની ઠંડીએ પણ હદ વટાવતા નગરજનો કાતિલ કોલ્ડવેવમાં ઠુંઠવાયા હતા સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી ૫ ડીગ્રીએ પહોંચી ગઈ હતી જયારે ઠંડીની મોસમ દરમિયાન સતત બર્ફિલા પવનના લીધે પણ નગર કાતિલ કોલ્ડવેવની ગિરફતમાં આવી ગયુ હતુ. હાલ ઠંડીની મોસમે વિદાય લઈ લીધી છે. જો કે કયારેક ક્યારેક લઘુત્તમ તાપમાન ૧૨ ડીગ્રી નજીક આવી જતા નગરજનો ડબલ સિઝનનો અહેસાસ કરે છે. જો કે છેલ્લા ચાર દિવસથી ઠંડીનો પારો પણ ૧૬ થી ૧૮ ડીગ્રી વચ્ચે આવી જતા રાત્રિના સમયે પણ ઠંડીની વિશેષ અસર

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર એસ ટી ડેપોએ છેલ્લા બે મહીનામાં વધારાની ૧૪ લાખની આવક કરી

## જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહીનામાં જ રૂ ૨.૪૦ લાખ લગ્નવર્ધિની આવક થઇ

ગાંધીનગર તા ૩

ગાંધીનગર એસ ટી ડેપોમાં દાયકાઓના અંતે મુસાફરલક્ષી સુવિધાઓનો અભાવ વર્તાય છે. જયારે શહેરી બસ સેવાના વિવિધ રૂટમાં બસ સેવા ઉપરાંત ડેપો કક્ષાએથી વર્ષ દરમિયાન ધાર્મિક કાર્યક્રમો, તહેવારો અને સરકારી કાર્યક્રમોમાં પણ વધારાની બસો દોડાવામાં આવે છે. હવે તો લગ્નવર્ધિમાં પણ સલામત સવારીની બોલબાલા છે. છેલ્લા બે મહીનામાં એસ ટી ડેપોએ વધારાની ૧૪ લાખની આવક કરી છે. જેમાં જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં ડેપોએ લગ્નવર્ધિ અન્વયે રૂ ૨.૪૦ લાખની આવક કરી છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરોની સુવિધાઓના મામલે નવતર આયોજન કરવામાં આવતુ નથી જયારે છેલ્લો દોઢ દાયકાથી મુસાફરોની સલામતીનો મુદ્દો પણ રામભરોસે છે. એસ ટી ડેપોમાં પ્રતિદિન ૧૫૦ જેટલી બસો શહેરી બસ સેવાના વિવિધ રૂટોમાં દોડે છે.

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com